# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-02-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# USA Deportation

અમેરિકાથી પરત મોકલવામાં આવેલાં ૩૩ ગુજરાતીઓ આજે સવારે અમૃતસરથી અમદાવાદ વિમાન મથક ખાતે આવી પહોંચ્યા હતા.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, અમદાવાદ પોલીસ દ્વારા તમામ નાગરિકોને તેમનાં ઘરે સુરક્ષિત પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ અગાઉ, સ્થાનિક ગુનાશાખામાં તેમના નિવેદન નોંધવામાં આવ્યા હતા. જે યાદી અગાઉથી અમૃતસરથી આવી હતી, તે પ્રમાણે તમામ નાગરિકોને બહાર લઈ જવામાં આવ્યા હતા.

આ મુસાફરોમાં મોટા ભાગના યુવાનો છે. જેમાં એક પરિવારનો પણ સમાવેશ થાય છે. આ અંગે અમદાવાદના મદદનીશ પોલિસ કમિશનર આર ડી ઓઝાએ આ માહિતી આપીઃ

(BYTE RD OZA ACP AHMEDBAD POLICE)

. . . . . . . . . . . .

# Santram Mandir Rushikesh Patel

શ્રી સંતરામ મંદીરના ૧૯૪મા સમાધિ મહોત્સવની ઉજવણીમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે શ્રી સંતરામ સમાધિ સ્થળના દિવ્ય અખંડ જ્યોતિના દર્શન કરી રક્તદાન શિબિરમાં હાજરી આપી હતી.

આ પ્રસંગે નડિયાદ પોલીસ સ્ટેશન તથા રેડક્રોસ સોસાયટીના સહયોગથી 6થી 8 ફેબ્રુઆરી દરમિયાન થેલેસેમિયાથી પીડાતા બાળકો માટે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . .

## 51 Shaktipeeth Parikrama

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અને આદ્ય શકિતપીઠ અંબાજી ખાતે 9થી 11 ફેબ્રુઆરી દરમિયાન આયોજિત પરિક્રમા મહોત્સવમાં જિલ્લા વહીવટી વિભાગે નિઃશુલ્ક યાત્રાનું આયોજન કર્યું છે. ત્રણ દિવસમાં 60 એસટી બસો દ્વારા શ્રદ્ધાળુઓને અંબાજી ગબ્બર ખાતે દર્શન માટે નિઃશુલ્ક લઈ જવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારના શ્રદ્ધાળુઓએ ગામના તલાટીનો સંપર્ક કરવાનો રહેશે. પરિક્રમા બાદ પરત લઈ જવાની અને અલ્પાહાર અને આરોગ્ય સહિતની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

## AMC Budget

રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ આજે મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારેસને રજૂ કર્યું હતું. “જળવાયુ પરિવર્તન અને માળખાકીય સુવિધાઓ” વિષયવસ્તુ પર તૈયાર કરાયેલા વર્ષ

2025- 26નાં 14 હજાર કરોડ રૂપિયાનાં બજેટમાં ચાલુ વર્ષે કોઈ કર વધારો કરવામાં આવ્યો નથી. વોટર ટેક્સ તથા કન્વર્જન્સ ટેક્સના દર પણ યથાવત રાખવામાં આવ્યા છે.

. . . . . . . . . . . .

## JASHUBHAI RATHAVA – COMMITTEE MEMBER

રાજ્ય સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત થતી કામગીરીના યોગ્ય અમલીકરણ અને સમીક્ષા માટે રચવામાં આવેલી સમિતિમાં છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવાને સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, સમિતિમાં અમદાવાદના સાંસદ દિનેશ મકવાણા, સાબરકાંઠાના સાંસદ શોભનાબેન બારૈયા, મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ તેમજ રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

દરમિયાન, ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાની ઉપસ્થિતિમાં છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી વિધાનસભાના કલારાણી ગામે હાટ બજારનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બજારમાં વેપારીઓએ 53 જેટલી દુકાનો લગાવી છે.

. . . . . . . . . . . .

## Kisan Credit Card

મત્સ્યપાલકોને તેમની આવક વધારવા માટે સરકારની યોજનાનાં લાભોથી માહિતગાર કરવા સાગરપુત્ર ફાઉન્ડેશન, વેરાવળ ખાતે ગઈ કાલે 'કિસાન ક્રેડિટ કાર્ડ' કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં બેન્કિંગ, મત્સ્યોદ્યોગ સહિત સંલગ્ન વિભાગોના અધિકારીઓ અને તજજ્ઞો દ્વારા સાગરખેડૂઓને આંતરદેશીય મત્સ્યપાલન, જળચર ઉછેર સહિતના લાભો માટે 'કિસાન ક્રેડિટ કાર્ડ' યોજનાના લાભની જાણકારી આપવામાં આવી હતી.

આ કેમ્પમાં વિવિધ બેન્ક દ્વારા સાગરખેડૂઓને મળતી લોન, જરૂરી વીમો, સહાય માટે અગત્યના દસ્તાવેજો, લોન સુવિધાના હેતુ, KYC પ્રક્રિયા સહિતની વિગતો આપવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# VIJ - CHORI

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મહીસાગર જિલ્લાના  લુણાવાડા, સંતરામપુર અને ખાનપુરમા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું. જેમાં ખાનપુરમાં 37 જેટલી વીજ ચોરી પકડાઈ છે. લુણાવાડા તાલુકામાં ૧૧૨ વીજ જોડાણ ચેક કરવામાં આવ્યા, જેમાંથી ૧૯મા વીજ ચોરી પકડાઇ. તેમજ સંતરામપુર તાલુકામાં ૧૯૮ વીજ જોડાણ ચેક કરવામાં આવ્યા, તેમાંથી ૨૯ જોડાણમાં વીજ ચોરી પકડાઈ હતી. આ ત્રણેય તાલુકાની વીજ ચોરીનું અંદાજિત બિલ આશરે 15 લાખ 17 હજાર રૂપિયા જેટલું થાય છે.

. . . . . . . . . . . .

# DOG BITE DEATH

મહીસાગરના ખાનપુર તાલુકાના ઘોઘાવાડા ગામમાં કૂતરાએ બચકાં ભરતા 8 વર્ષીય બાળકનું મોત નીપજ્યું છે અને 5 લોકોને ઇજા થઈ છે. ઉલ્લેખનીય છે કે, સરકારી હોસ્પિટલમાં હડકવાની રસીના અભાવે, આ મોત થયું હોવાનું માલૂમ પડ્યું છે. અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, સિમલનાળા ઝેર અને વાવકુવા ગામે કૂતરું કરડવાના એક જ દિવસમાં 6 થી વધુ કેસ નોંધાયા છે.

. . . . . . . . . . . .

# Gir Somnath Khanan

ગીર સોમનાથ જિલ્લામાં ખનીજના ગેરકાયદેસર ખનન સામે ગઈ કાલે કાર્યવાહી કરવામાં આવી હતી. ખાણ અને ખનીજ કચેરી, ગીર સોમનાથની ક્ષેત્રીય ટીમ દ્વારા કુલ છ ચકરડી મશીન, બે જનરેટર મશીન અને એક ટ્રેકટર સહિત અંદાજિત 25 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ગીર ગઢડાના રાતડ ખાતેથી લાઇમ સ્ટોન ખનીજના ગેરકાયદેસર વહન કરનાર એક ટ્રેક્ટર જપ્ત કરાયું હતું.

. . . . . . . . . . . .